**CRI. INQ. NO. 107/2025**

આંક ૦૧ હેઠળ વધુ હુકમ ...

ફરીયાદીની હાલની ફરીયાદ ગુજરાત સરકાર વતી શ્રી જે.એમ. ચોટલીયા, ખેતી અધિકારી, કેશોદ ધ્વારા હાલના આરોપીઓ વિરૂધ્ધ હલકી ગુણવાવાળુ અને ખેડુતોને નુકશાન પહોંચાડે તેવું બીયારણ ઉત્પાદન કરી વેંચેલ હોય તે સંજોગોમાં બીયારણ નિયમો – ૧૯૬૮ ના નિયમ – ૧૦ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી બીયારણ અધિનીયમ – ૧૯૬૬ ની કલમ – ૧૯ મુજબનો ગુન્હો કરેલ હોવા બાબતે અત્રેની કોર્ટમાં દાખલ કરતા સદર ફરીયાદીની ફરીયાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૨૨૩ મુજબ આરોપીઓને સુનાવણીની તક આપવા સારૂ ક્રિમીનલ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો તથા આરોપીઓને નોટીસ કરતો હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ, સદર કામના આરોપીઓને નોટીસ કરતા આરોપીઓ તેઓના વિ.વ.શ્રી મારફતે તા. ૨૪/૧૨/૨૦૨૫ ના રોજ હાજર થયેલ છે અને ત્યારબાદથી આરોપીઓને સદર કામે સુનાવણી કરવા અને વાંધાઓ રજૂ કરવા માટે વારંવાર મુદતો આપી પુરતી તકો આપવામાં આવેલ છે અને સદર કામ આજરોજ સુનાવણી માટે તથા આરોપીઓ તરફે વાંધા રજુ થવા રાખવામાં આવેલ છે. પરંતુ આજરોજ આરોપીઓ કે તેમના વિ.વ.શ્રી હાજર રહેલ નથી કે સદર ફરીયાદીની ફરીયાદ અન્વયે કોઈ વાંધા લીધેલ નથી. જેથી, આરોપીઓ તરફે કોઈ વાંધા ન હોવાનું માનવાને રહેતું હોય અને આ કામે ફરીયાદની ફરીયાદ તથા ફરીયાદ સાથે રજૂ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતા આ કામના આરોપી નં. – ૧ તે બીયારણ વેંચનાર પેઢી છે અને આરોપી નં. – ૨ તે પેઢીના જવાબદાર વ્યકિત હોવાનું તથા આરોપી નં. – ૩ બીયારણનું ઉત્પાદન કરતી કંપની હોવાનું તથા આરોપી નં. – ૪ તેના જવાબદાર વ્યકિત હોવાનું હાલના તબકકે જણાઈ આવતું હોય અને આ કામના ફરીયાદીએ સદર વિક્રેતા પેઢીમાંથી વ્રજ હાઈબ્રીડ સીડઝ લી. બી–૩૨૮ સોબો સેન્ટર, સાઉથ બોપલ, અમદાવાદ ધ્વારા ઉત્પાદીત બીયારણ પાકનું સોયાબીન જાતના પેકીંગમાંથી નમુનો લઈ જૂનાગઢ ખાતેની લેબોરેટરીમાં પૃથ્થકરણ અર્થે મોકલતા જે પૃથ્થકરણ અહેવાલ મુજબ સદર નમુનો નિયત ધારાધોરણ મુજબનો ન હોવાનું માલુમ પડેલ હોવાનું આવેલ છે. આમ, સદર હકિકતો ધ્યાને લેતા તથા પૃથ્થકરણ અહેવાલ ધ્યાને લેતા આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં અને મદદગારીમાં હલકી ગુણવતાવાળું અને ખેડુતોને નુકશાન પહોંચાડે તેવું બીયારણનુ ઉત્પાદન કરી, વેંચાણ કરી બીયારણ નિયમો – ૧૯૬૮ ના નિયમ – ૧૦ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી બીયારણ અધિનીયમ – ૧૯૬૬ ની કલમ

– ૧૯ હેઠળનો ગુન્હો કરેલ હોવાનું પ્રથમદર્શનીય જણાઈ આવતું હોય, ફરીયાદીની હાલની ફરીયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામના આરોપીઓ વિરૂધ્ધ સદર ગુન્હા સબબ પ્રોસેસ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૭ મી માહે એપ્રીલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

મુ. કેશોદ.

તા. ૧૭/૦૪/૨૦૨૬

(વાલજીભાઈ શામજીભાઈ પટેલ)
એડીશનલ ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
કેશોદ.

**JUDGE CODE GJ**01484